Indian Journal of Social Sciences and Literature Studies ISSN 2349-5634 (Print) ISSN 2455-0973(Online) Vol. 2 Issue 2
A peer reviewed refereed international Journal Impact Factor 3.12
© Contemporary Research Publication

# સ્ત્રી મતાધિકારઃ વૈશ્વિક સંદર્ભ

**પ્રા.હેમા જીકાદરા**
**આસિ.પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર વિભાગ**
**ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ**

પૂર્વભૂમિકાઃ

વિશ્વની મનુષ્ય વસ્તીનો અડધો-અડધ એટલે કે લગભગ પચાસ ટકા જેટલો ભાગ સ્ત્રી વસ્તીનો છે. માનવ વ્યવહારની તમામ બાબતો સ્ત્રીઓની આસપાસ જ ગૂંથાય છે તેમાં બે મત નથી. સદીઓથી સમગ્ર વિશ્વમાં સ્ત્રીઓના સ્થાન અંગે વિચાર-વિમર્શ થતા રહ્યા છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓની તાબેદારી અને સ્ત્રી મુક્તિ આ બે પાસાંઓને સ્પર્શતો એક સૈધ્ધાંતિક ખ્યાલ ઉભો થયો છે, જે આધુનિક પરિભાષામાં 'નારીવાદ' તરીકે જાણીતો બન્યો છે. સ્ત્રીના પોતાના એક સાર્વત્રિક સ્વરૂપ હોવાના કારણે તે ખ્યાલ વૈશ્વિક બની ગયો છે. પ્રારંભિક સમયમાં સ્ત્રીઓનું સામાજિક-રાજકીય સ્થાન ખૂબ જ નીચું હતું તેમ કહેવાય છે. પરંતુ 20મી સદી પછી સ્ત્રીઓની રાજકીય-સામાજિક સ્થિતિમાં ઉત્તરોત્તર સુધારો જોઈ શકાય છે. આધુનિક જીવનમાં તો લગભગ તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓ સારૂં એવું કાઠુ કાઢી રહી છે, ત્યારે સ્ત્રીઓને રાજકારણના સંદર્ભમાં સમજવા માટે તેના ઉદ્ગમ અને વિકાસની કડીને સાંકળવી પડે.

**ઐતિહાસિક પૃષ્ઠભૂમિઃ**

સમગ્ર વિશ્વમાં 18મી અને 19મી સદી એક નોંધપાત્ર વળાંક આપે છે. ઔદ્યોગિક ક્રાંતિ અને ફ્રેંચ ક્રાંતિને કારણે યુરોપમાં સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તનો થયા. ઉદારમતવાદી વિચારસરણીએ સારો એવો વ્યાપ અને પ્રતિસાદ મેળવ્યો. પરિણામે વ્યક્તિ સ્વાતંત્ર્યનો ખ્યાલ વધુ દ્રઢ બન્યો અને સ્વતંત્રતા, અભિવ્યક્તિ, સમાનતા, સંગઠનો રચવાની આઝાદી વગેરે ખ્યાલો વેગવાન બનતા ગયા. સાથે-સાથે લોકશાહી મૂલ્યો પણ વ્યાપક રીતે સ્વીકૃતિ પામ્યા. વિજ્ઞાન અને ટેકનોલોજીની નવીન શોધોને કારણે પ્રિન્ટીંગ ટેકનોલોજી આવી. પ્રિન્ટ વગેરે માધ્યમોથી વિશ્વમાં વૈચારિક આદાન-પ્રદાન શરૂ થયું. પ્રચાર-પ્રસાર, લેખો, ચર્ચાઓ વગેરે દ્વારા સ્વતંત્રતા, સમાનતા, શોષણ અને ન્યાય વગેરે અંગે જાગૃતિ ફેલાઈ. વિવિધ અધિકારોની માગણી અર્થે વિવિધ સંગઠનો પણ રચાયા.

ઉદારમતવાદી વિચારસરણીના પ્રણેતા જ્હોન સ્ટુઅર્ટ મિલે તે સમયે સ્ત્રીઓના સમાન અધિકાર માટે ઝુંબેશ હાથ ધરી હતી. પ્રબુધ્ધકાળ- 'Age of Enlightnment' [1] (1743-94)માં મહાન વિચારક જા આંતુઆ કોન્દોર્સે આદર્શ સમાજની વાત કરતાં સામાજિક સ્તર રચનાનો વિરોધ કર્યો અને રાજકીય સમાનતા પર ભાર મૂક્યો હતો. કોન્દોર્સે સ્ત્રી સમાનતાનું જોરદાર સમર્થન કરતા હતા.[2] જો કે કોન્દોર્સેના આ વિચારોને વધુ તર્કસંગત અને વ્યવસ્થિતરૂપે જ્હોન સ્ટુઅર્ટ મિલે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં આપ્યા છે. તો 1791માં ઓલિમ્પી દ ગૂજેએ સ્ત્રીઓ પર પુરુષોના શાસનનો વિરોધ અને સાર્વત્રિક મતાધિકારને અમલમાં લાવવા, સ્ત્રી પુરુષના સામાજિક-રાજકીય સમાનતાને આવરી લેતો 'સ્ત્રી અને સ્ત્રી નાગરિક અધિકારોની ઘોષણા' નામનો દસ્તાવેજ તૈયાર કર્યો હતો.[3] ફ્રેંચક્રાંતિ દરમિયાન જ સ્ત્રીઓએ સંગઠિત થવાનું શરૂ કરી દીધું હતું. એમના અધિકારોના સંઘર્ષને વાચા આપતી પ્રથમ પત્રિકા પણ પ્રગટ થઈ. 'વિમેન્સ